# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

સત્યમેવ જયતે

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/

ક્રમાંક: અટેન્ડન્સ/૨૦૧૯/૧૩૦ તા.૧૦/૦૪/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી/RMSA/ગ્રાન્ટેડ
માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા તમામ
જિલ્લો- ભાવનગર

વિષય: **Teacher Portal** માં શાળાના શિક્ષકોની માહિતીની એન્ટ્રી/અપડેશન કરવા બાબત.
સંદર્ભ : સંયુક્ત શિક્ષણ નિયામક (૧૦+૨), કમિશનર શાળાઓની કચેરી, ગાંધિનગરના પત્રાંક : આઇ.ટી.સેલ/અટેન્ડન્સ/૨૦૧૯/૫૪૯-૬૨૯ તા.૦૪/૦૪/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે વર્ષ ૨૦૧૮-૧૯ અંતર્ગત યુ-ડાયસ તેમજ શિક્ષકોની ઓનલાઇન હાજરી માટે Teacher Portal માં જિલ્લાની સરકારી તેમજ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોનો ડેટા અપડેટ કરવાનો હોય દરેક શિક્ષકોની એન્ટ્રી/અપડેશન www.ssagujarat.org વેબસાઇટ પર Teacher Portal – http://teachermaster.gunotsav.org/Link પર સંદર્ભિત પત્રની સૂચના મુજબ તા.૧૫/૦૪/૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. જો સમયમર્યાદામાં ઉપરોક્ત કામગીરી નહીં કરવામાં આવે તો તેની સંપૂર્ણ જવાબદારી જે-તે શાળાના આચાર્યની રહેશે જેની ખાસ નોંધ લેવી.

તેમજ આ બાબતે જો કોઇ મદદની જરૂર જણાય તો સર્વ શિક્ષા અભિયાનના જિલ્લા એમ.આઇ.એસ. કો-ઓ/બ્લોક એમ.આઇ.એસ. કો-ઓ. નો સંપર્ક કરવાનો રહેશે.

બિડાણ: ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારી
For ભાવનગર

**નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:**

- શ્રી એમ.આર.પાંડે(નોડલ અધિકારીશ્રી-Teacher Portal )
  સદર કચેરી

Scanned by CamScanner

ટોચઅગ્રતા

ક્રમાંક:આઈ.ટી.સેલ/ અટેન્ડન્સ/૨૦૧૯/ 545-619
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં.૯, પહેલો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર
તારીખ:૦૫/ ૦૪/૨૦૧૯

પ્રતિ,

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ

વિષય: **Teacher Portal**માં શાળાના શિક્ષકોની માહિતીની એન્ટ્રી/અપડેશન કરવા બાબત

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે,વર્ષ ૨૦૧૮-૧૯ અંતર્ગત યુ-ડાયસ તેમજ શિક્ષકોની ઓનલાઈન હાજરી માટે Teacher Portal માં તમામ જિલ્લાની સરકારી તેમજ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોનો ડેટા અપડેટ કરવાનો થાય છે. આ માટે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ટીચર પોર્ટલ કર્યરત છે. જેમાં શિક્ષકોની માહીતીની એન્ટ્રી/અપડેટ કરવાની થાય છે. આ પોર્ટલમાં શિક્ષકો નવી ભરતી થયેલ હોય તેવા શિક્ષકોની નવી એન્ટ્રી કરવાની રહેશે અને જે શિક્ષકોની બદલી થયેલ હોય તેવા કિસ્સામાં તેને નવી શાળામાં ટ્રાન્સફર કરવાના રહેશે, નવી એન્ટ્રી કરવી નહી.વધુમાં, જે શિક્ષકો નિવૃત થયા હોય અથવા રાજીનામું આપી નોકરી છોડી અન્યત્ર જતાં રહેલા હોય તેમના નામ રદ્દ કરાવવાના રહેશે.

ઉકત બાબતે શાળાના શિક્ષકો, જે ભણાવતાં હોયં તે ધોરણ અને વિષયની વિગતવાર માહિતીની જરૂર હોઇ તાલુકા કક્ષાએ બી.આર.સી ભવન ખાતે (બ્લોક એમ.આઇ.એસ. કો-ઓ. પાસે) સલંગ્ન શાળાના આચાર્યશ્રી / મુખ્ય શિક્ષકશ્રીને રૂબરૂ બોલાવી www.http://ssagujarat.org વેબસાઇટ ઉપર Teacher Portal – http://teachermaster.gunotsav.org/ Link માં શિક્ષકોની ઉકત જણાવેલ વિગતવાર માહિતી Entry/Updation કરાવવા આપની કક્ષાએથી શાળાઓને જરૂરી સુચના આપવા જણાવવામાં આવે છે. આ તમામ કામગીરી તારીખ ૧૫-૦૪-૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

તેમજ આ બાબતે જો કોઇ મદદની જરૂર જણાય તો સર્વ શિક્ષા અભિયાનના જિલ્લા એમ.આઇ.એસ. કો-ઓ. / બ્લોક એમ.આઇ.એસ. કો-ઓ.નો સપર્ક કરવાનો રહેશે.

Scanned by CamScanner

આ કામગીરીની આપે જાતે દેખરેખ રાખવાની રહેશે તથા કચેરીના સિનિયર શિક્ષણ નિરિક્ષકને આ કામગીરીના નોડલ અધિકારી નીમવાના રહેશે.

સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી(૧૦+૨)
કમિશનર શાળાઓની કચેરી
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના જાણ સારુ અને જરુરી કાર્યવાહી સારુ:

(૧) જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,સર્વ શિક્ષા અભિયાનશ્રી કચેરી,જિલ્લા: તમામ

(૨) શાસનાધિકારીશ્રી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, કોર્પોરેશન: અમદાવાદ,સુરત,વડોદરા,રાજકોટ

Scanned by CamScanner